# આસપાસ ચોપાસ

## સજોદ ગામે કુમાર પ્રાથમિક શાળા, કન્યા શાળામાં શિક્ષણ સાથે અન્ય પ્રવૃત્તિઓ તેમજ સ્કૂલ બિલ્ડિંગ















## ગામનું આસ્થાનું કેન્દ્ર: શ્રમદાનથી બનેલું શ્રી રણછોડરાય મંદિર

ઐતિહાસિક સજોદ ગામના વોર્ડ નં.10માં આવેલું શ્રી રણછોડરાય મંદિર માત્ર એક ધાર્મિક સ્થળ નથી, પરંતુ ગ્રામજનોની એકતા, સમર્પણ અને સામુદાયિક શક્તિનું એક જીવંત ઉદાહરણ છે.

આશરે 100 વર્ષ જૂનું આ મંદિર એક સમયે અત્યંત જર્જરિત હાલતમાં હતું. પરંતુ, શ્રદ્ધાના દીવાને પ્રજ્વલિત રાખવા માટે વર્ષ 2001માં ફળિયાના ઉત્સાહી યુવાનો આગળ આવ્યા. દલસુખભાઈ કટારિયાના પ્રમુખ પદે 'શ્રી રણછોડરાય મંદિર જીર્ણોદ્ધાર સમિતિ'ની રચના કરવામાં આવી. આ સમિતિમાં દિલીપભાઈ મકવાણા, ધનસુખભાઈ કટારિયા, જયંતીભાઈ મકવાણા અને સ્વર્ગીય નર્મદાશંકર શર્મા જેવા નિષ્ઠાવાન સભ્યોએ રાત-દિવસ પરિશ્રમ કરીને કાર્ય કર્યું હતું. હાલમાં પણ દલસુખભાઈ કટારિયા અને દિલીપભાઈ મકવાણા પોતાના વોર્ડ નંબર 10 તથા સમગ્ર ગામમાં સેવાકાર્યમાં સક્રિય છે.
મંદિર નિર્માણ માટેની સૌથી મૂળભૂત જરૂરિયાત એવી જમીન, સ્વતંત્રતા સેનાની સ્વર્ગીય ડાહ્યાભાઈ મોતીરામ મકવાણાએ ઉદાર હસ્તે દાનમાં આપી હતી. આ મંદિરની સૌથી મોટી વિશેષતા એ છે કે, તેનું સંપૂર્ણ નિર્માણ કોઈ મોટા કોન્ટ્રાક્ટર દ્વારા નહીં, પરંતુ મહોલ્લાના રહીશોના શ્રમદાન દ્વારા પૂર્ણ થયું હતું. તા.29મી જાન્યુઆરી-2001 ને સોમવાર અને વસંત પંચમીના શુભ દિવસે ભગવાન શ્રી રણછોડરાયની મૂર્તિની વિધિવત પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. સાથે ગૌભક્ત છોટે મોરારીબાપુની રામકથાના સપ્તાહનું પણ ભવ્ય આયોજન કરાયું હતું. આ જ પરંપરાને આગળ વધારતા, તાજેતરમાં 29મી જાન્યુઆરીએ મંદિરનો 26મો પાટોત્સવ અને મહોલ્લાનું નામકરણ ઉત્સવ ખૂબ જ ધામધૂમ અને ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.





સજોદ રણછોડરાય મંદિરના પ્રમુખ દલસુખભાઈ કટારિયા



સજોદ ગામે રણછોડરાય મંદિર તેમના પાટોત્સવમાં શ્રદ્ધાળુઓ અને ગામના આધ્યાત્મિક યુવાનો

## વાળીનાથ દાદાનું અનોખું મહત્વ: ચૈત્ર માસના અંતિમ રવિવારે ભક્તોની ભારે ભીડ

સજોદ ગામે આવેલા વાળીનાથ દાદાના મંદિરે ચૈત્ર માસના અંતિમ રવિવારે ભક્તોની અપાર શ્રદ્ધા જોવા મળે છે. બળિયા બાપજીના મુખ્ય પાંચ મંદિરોમાંના એક એવા આ પવિત્ર સ્થળે વહેલી સવારથી જ ભક્તોના દર્શનાર્થે લાંબી કતારો જોવા મળી હતી. અહીંની સૌથી અનોખી પરંપરા છે. લોકવાયકા અને પૌરાણિક માન્યતા અનુસાર, મહાભારતના ભીષણ યુદ્ધ દરમિયાન ભગવાન શ્રીકૃષ્ણના સુદર્શન ચક્રથી બબરીક (ખાટુશ્યામજી)ના શરીરના પાંચ ટુકડા થઈ ગયા હતા, જે પાંચ જુદાં-જુદાં સ્થળોએ પડ્યાં હતાં. ભગવાન કૃષ્ણના વરદાનથી તેઓ અમરત્વને પામ્યા અને તેમનું મસ્તક સમગ્ર યુદ્ધ દરમિયાન કુરુક્ષેત્રમાં રહ્યું, જ્યાં તેઓ બળિયા બાપજી તરીકે પૂજાય છે. બળિયા દેવ મહારાજને ચર્મરોગ દૂર કરનારા દેવ તરીકે પણ માન્યતા પ્રાપ્ત છે. તેમનાં પડેલાં અંગોનાં સ્થળોએ આવેલાં દેવસ્થાનોમાં સજોદના વાળીનાથ દાદા ઉપરાંત સુરતનું શ્યાદલા અને વડોદરાનું પોર ખાતેનું મંદિર મુખ્ય છે. ચૈત્ર માસમાં આવતા રવિવાર, મંગળવાર અને ગુરુવારનું અહીં વિશેષ મહત્ત્વ છે. ચૈત્ર માસના અંતિમ દિવસોમાં તો મંદિર ભક્તિમય બની જાય છે. દૂર દૂરથી આવતા ભક્તો દાદાના દર્શન કરીને ટાઢું ભોજન આરોગે છે, ભક્તોની સગવડ માટે સજોદના નીલકંઠ યુવક મંડળ દ્વારા પ્રસાદીરૂપે છાશનું વિતરણ પણ કરવામાં આવે પહેલાં આ મંદિર જર્જરિત અવસ્થામાં હતું, પરંતુ સ્થાનિક લોકો અને ભક્તોના સહિયારા સહયોગથી તેનો સમારકામ અને જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે.




વાળીનાથ દાદાનું મંદિર




## નવું નામ, નવી ઓળખ: 'ડો.આંબેડકરનગર'

સજોદ ગામે વોર્ડ નં.10નું નામ બદલીને 'ડો.આંબેડકરનગર' રાખવામાં આવ્યું છે. આ ઐતિહાસિક પરિવર્તન આજથી 26 વર્ષ પૂર્વે વસંત પંચમીના પવિત્ર દિવસે કરવામાં આવ્યું હતું. આ વોર્ડમાં અનુસૂચિત જાતિના 80થી વધુ પરિવાર વસવાટ કરે છે. ભારતરત્ન ડો.બાબાસાહેબ આંબેડકરની યાદમાં આ વિસ્તારને હવે 'ડો. આંબેડકર નગર સાથે ડો.આંબેડકરનગર પ્રવેશદ્વાર પણ લોકાર્પણ કરાયું હતું. આ સમગ્ર વિકાસયાત્રામાં સ્વ. જયશંકરભાઈ પરમાર અને સ્વ.ગોપાલભાઈ કટારિયાએ માર્ગદર્શક તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી. તેમની એકતા અને સહકારે સાબિત કરી આપ્યું કે, જ્યાં સંપ છે ત્યાં જ સાક્ષાત્ ભગવાનનો વાસ છે. આ પ્રવેશદ્વાર તેમની એકતા, પરિશ્રમ અને સામુહિક શક્તિનું પ્રતીક બનીને યુગો સુધી પ્રેરણા આપતું રહેશે.

## સામાજિક સેવાના યોદ્ધા વિજયસિંહ વાઘેલા

સમાજસેવા એ કોઈ પદવી કે પદનો મોહ નથી, પણ તેને જીવનધર્મ બનાવનારા લોકો જ સાચા અર્થમાં સમાજના પ્રતિનિધિ બને છે. આવા જ એક નિઃસ્વાર્થ સેવક છે સજોદ ગામના વતની અને AGRYS (અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ) પ્રદેશના સહ પ્રભારી વિજયસિંહ ચંદ્રસિંહ વાઘેલા. એફ્કોટેક્સ કંપનીમાં પોતાની ફરજ બજાવતા 59 વર્ષીય વિજયસિંહ માટે સામાજિક કાર્ય એ શ્વાસની જેમ અનિવાર્ય બની ગયું છે. છેલ્લાં 35 વર્ષોથી તેઓ સામાજિક પ્રવૃત્તિઓમાં ડૂબેલા છે. તેમના આ સેવાયજ્ઞમાં માર્ગદર્શક બન્યા ભરૂચના જાણીતા વકીલ મયુરસિંહ પુનાડા, જેમણે તેમની આંગળી પકડીને સમાજસેવાના માર્ગે આગળ ધપાવ્યા.
રાજપૂત સમાજ હોય કે અન્ય કોઈપણ વર્ગ, જ્યારે પણ કોઈ સમસ્યા કાને સંભળાય ત્યારે તેઓ નિરાકરણ માટે મંડી પડે છે. સમાજજીવનમાં ભૂચરમોરી શહીદ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ હોય, ગામેગામ ફોર્મ ભરવાની મહેનત હોય, કે પછી નિકોરા ગામે યોજાયેલો 'દીકરીબા સંસ્કારનું સિંચન અને સંસ્કૃતિનું જતન' કાર્યક્રમ હોય, દરેક પ્રસંગે તેમનો સક્રિય સહભાગ રહ્યો છે.
આ ઉપરાંત જિલ્લા કાર્યકર્તા શિબિર અને ભરૂચ ખાતે યોજાયેલા વિધવા સંમેલનમાં પણ તેમણે કડીરૂપ કામગીરી કરીને પોતાની અનોખી છાપ ઊભી કરી છે. વિજયસિંહ વાઘેલાનું માનવું છે કે, જો કોઈપણ વ્યક્તિની સમસ્યા મારા ધ્યાનમાં આવે છે, તો હું તેના નિવારણ માટે હંમેશાં તત્પર રહું છું.





## સજોદ ગ્રામ પંચાયતમાં આદિવાસી દંપતીનો અનોખો પ્રયોગ: ગામના વિકાસમાં નવો અધ્યાય

પોતાનું ગામ રૂડું અને રૂપાળું હોય એવી ભાવના દરેક ગ્રામજનના હૃદયમાં હોય છે. આ ભાવનાને સાકાર કરવા સજોદ ગ્રામ પંચાયતમાં એક આદિવાસી દંપતીએ અનોખી પહેલ કરી છે. જુલાઈ-2025માં સજોદ ગ્રામ પંચાયતના સરપંચ પદે 32 વર્ષના દર્શનાબેન નીલેશભાઈ વસાવા આરૂઢ થયા. ગ્રામ પંચાયતની મહિલા સીટ હોવાથી તેઓ પ્રથમવાર આ પદે ચુંટાઈ આવ્યાં. સરપંચ બન્યાના માત્ર 6 મહિનામાં જ તેમણે ગામમાં વિકાસના કામો શરૂ કરી દીધાં છે. તેમના નેતૃત્વ હેઠળ ગામમાં RCC રોડ, ગટર લાઈન અને પેવર બ્લોક સહિતના રૂ.30 લાખના વિકાસ કાર્યો પૂર્ણ કરાયા છે. હજુ સાડા ચાર વર્ષનો કાર્યકાળ બાકી હોય, તેમણે ભવિષ્યની યોજનાઓ પણ નક્કી કરી લીધી છે. ગામના તળાવમાં પ્રોટેક્શન વોલ બાંધવા અને CCTV કેમેરા લગાવવા માટે તેઓ તત્પર છે. મહિલા સરપંચ દર્શનાબેન વસાવા કહે છે, સજોદ ગામમાં માળખાગત સુવિધા ઊભી કરવામાં અમે અગ્રેસર રહીશું. આ ગ્રામ પંચાયતની વિશેષતા એ છે કે, સરપંચના પતિ 35 વર્ષીય નીલેશભાઈ ઉર્ફે અતુલભાઈ રમણભાઈ વસાવા પણ સભ્ય તરીકે ચુંટાયા છે. તેમનો સ્વભાવ ગામના સુખ-દુઃખમાં હંમેશાં સાથે રહેવાનો છે. અત્રે ઉલ્લેખનીય છે કે તેમનાં માતા પણ અગાઉ ગ્રામ પંચાયતનાં સભ્ય હતાં. નીલેશભાઈ વસાવા જણાવે છે, પોતાનું ગામ સુવિધામાં મોખરે હોય એવું અમે માનીએ છીએ. અમે સજોદ ગ્રામજનોના હિતમાં તમામ સુવિધા મળે તેવું આયોજન કરીએ છીએ.



સજોદ નર્મદા મૈયા મંદિર


## નર્મદાના ખોળે સેવાની ધૂણી: સજોદ ગામમાં રાજેન્દ્રસિંહ ચૌહાણનો પ્રેમભર્યો આશ્રમ

સજોદમાં કોઈપણ યાત્રીના મુખેથી નર્મદે હરનો નાદ સાંભળતા જ સજોદ ગામના આંગણે એક વરિષ્ઠ નાગરિકનો હૃદયપૂર્વકનો આવકાર મળે છે. આ આવકાર છે, રાજેન્દ્રસિંહ કેસરીસિંહ ચૌહાણનો, જેમણે આજીવન ખેતી કરી, સંતાનોને સુશિક્ષિત કર્યા અને હવે પાનખર વયે નર્મદા પરિક્રમાવાસીઓની સેવાને જ જીવનનો ધર્મ બનાવ્યો છે. મૂળ વ્યવસાયે ખેડૂત રહી ચૂકેલા રાજેન્દ્રસિંહે પોતાના પુત્રોને સ્વાવલંબી બનાવ્યા બાદ હવે પોતાની જિંદગી નર્મદા સેવામાં સમર્પિત કરી દીધી છે. તેમણે પત્ની રંજનબા સાથે પગપાળા સહિત વાહનથી નવ વખત નર્મદા પરિક્રમા કરી છે. નર્મદા નદીના પવિત્ર તટ પર વસેલા સજોદ ગામે આવેલા તેમના આશ્રમમાં આજે ધૂણી ધખાવીને તેઓ બેઠા છે. તેમના દ્વારા અત્યાર સુધીમાં હજારો પરિક્રમાવાસીઓને ચા-નાસ્તો અને ભોજન કરાવવામાં આવ્યું છે. આ ક્રમ આજે પણ યથાવત છે; રોજના 5થી 10 પરિક્રમાવાસીઓ તેમના આશ્રમમાં આવે છે અને પ્રેમભર્યો આતિથ્ય મેળવે છે. વર્ષ-2017માં મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજયસિંહ અને તેમનાં પત્ની અમૃતારોય પણ જ્યારે નર્મદા પરિક્રમા પર આવ્યાં ત્યારે તેઓ સજોદમાં રાજેન્દ્રસિંહના આશ્રમમાં રોકાયાં હતાં. રાજેન્દ્રસિંહ ચૌહાણ કહે છે, અમે પોતે પરિક્રમા કરી છે, તેથી અમે જાણીએ છીએ કે રસ્તામાં શું જરૂર પડે છે. અમારા આંગણે આવતા દરેક યાત્રીમાં અમને નર્મદા માતાનો જ અંશ દેખાય છે. તેમની સેવા કરીને જે આનંદ મળે છે, તેની સામે દુન્યવી સુખો તુચ્છ લાગે છે.





આરસીસી રોડ અને ફળિયામાં નાંખેલા પેવર બ્લોક



નર્મદા પરિક્રમાવાસીઓનો સિદ્ધનાથ મહાદેવ મંદિરે ઉતારો



મેલડી માતા-સિંધવાઈ માતાનું મંદિર



પાઈપલાઈન



કથાકાર મનહરભાઈ

(માહિતી સંકલન અને તસવીર: વિરેન્દ્રસિંહ અટોદરીયા, સજોદ)